# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

તૃતીય વર્ષ અભ્યાસક્રમ-૫

ઑક્ટોબર -2025

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં આભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન -૧ ખાલી જગ્યા પુરો** ૨૦

૧. અંચલગચ્છ ના સૌ પ્રથમ મહત્તરા સાધ્વી તરીકે ............................ ઉજ્જવળ કીર્તિ પામ્યા.
૨. આ ચતુર્ગતિમય સંસાર નો નાશ કરવા માટે ........................... યુક્ત ક્રિયા જ આવશ્યક છે.
૩. ગૌડ દેશ માં અનેક ....................... ધરાવનારા મહાપુરુષો છે.
૪. ચાર યોગ ........................... ને વિષે હોય છે.
૫. સ્નેહીજનો અને સગાવહાલાં સહિત ...................... કરનારા થાઓ.
૬. સાત લવ આયુષ્ય જો અધિક હોત તો .................... વાળા મોક્ષે ચાલ્યા જાત.
૭. ક્રિયા સહિત એકલું જ્ઞાન ....................... સાધવા અસમર્થ છે.
૮. જૈન શાસન ને ........................ ની નાગચૂડમાં થી બચાવવા તેઓ મથી રહયા હતા.
૯. શ્રુતકેવલી, આહારક લબ્ધિવાળા તથા મન:પર્યવજ્ઞાની જો .................... હોય તો પ્રમાદ થી ચારે ગતિ માં ફરે છે.
૧૦. મિશ્ર મોહનીય કર્મ ના ઉદય થી જીવ ................... બને છે.
૧૧. સ્નાત્રવિધિ કરતી વખતે જે જગા ની મર્યાદા બાંધી હોય તેને ...................... કહેવા માં આવે છે.
૧૨. બહુજ વિરલ વિભૂતિઓ એવી છે જે જ્ઞાન અને ક્રિયા નો .................... કરી ને જીવન ને ધન્ય બનાવે છે.
૧૩. વંદન કરવાની આવી ....................... થી કુમારપાલ ને આશ્ચર્ય થયું.
૧૪. પૂર્વગત શ્રુતજ્ઞાન ને ધારણ કરનાર એવા સાધુ મહાત્મા ...................... ઉપર આરૂઢ થઈ શકે છે.
૧૫. સિદ્ધરાજ જયસિંહ ને સંતાન ન હોવાથી તેણે વિદ્વાનો ના સૂચન થી ........................ યજ્ઞ કરાવ્યો.
૧૬. બન્ને મુનિરાજ ને આ સાધુપુરુષ કોઈ મહાન ....................... પુરુષ લાગ્યો.
૧૭. મિથ્યાદૃષ્ટિ ના જ્ઞાન ને ........................ કહેવા માં આવ્યું છે.
૧૮. જેમ રાજહંસ ....................... માં મગ્ન રહે છે તેમ જ્ઞાની જ્ઞાન માં અત્યંત મગ્ન રહે છે.
૧૯. કોઈ દિવ્ય શક્તિ એ પોતા ના બે સ્ત્રી હાથો થી તેને ......................... આપ્યુ.
૨૦. ગુરુ ના ઉપદેશ થી ......................... શત્રુંજય નો તીર્થસંઘ કાઢયો.

**પ્રશ્ન-૨ એક જ શબ્દમાં જ્વાબ આપો.** ૧૫

૧. કુમારપાલ ની સભા માં સૂરિજી ને વસ્ત્રાંચલ થી કોણે વંદના કરી ?
૨. શુષ્કજ્ઞાની આત્માને કેવો માને છે ?
૩. સોમ, યમ, વરુણ અને કુબેર એ કયા દેવો છે ?
૪. સાધક ને મોક્ષ માર્ગતરફ આગળ વધવા ના બીજા માર્ગ ને શું કહેવાય ?
૫. ઉપશાન્ત મોહ ગુણસ્થાન માં કયા કષાય ને સંપૂર્ણ ઉપશમાવે છે ?
૬. સ્થાવર બેઈન્દ્રિય અને તેઈન્દ્રિય વિષે કયો દર્શન હોય ?
૭. કયા રાજા એ આર્યરક્ષિતસૂરિ ને દિલ્હી તેડાવી ને તેમનું સન્માન કરેલું ?
૮. ઉપાધ્યાયજી વિજયચંદ્રજી એ કયાં માસક્ષમણ ની તપ સાધના આદરી?
૯. જ્ઞાન ને સફળતા તરફ કોણ દોરી જાય છે ?
૧૦. કલિકાલ સવજ્ઞે સમવસરણ માં બિરાજમાન પ્રભુજી અને પૂર્વજો ના દર્શન કરાવી કોની શ્રદ્ધા ને મજબૂત કરી હતી ?
૧૧. જીવન ની વાસ્તવિકતા શું છે ?
૧૨. માટી થી મલિન પાણી સ્થિર થતાં ચોકખુ દેખાય નિમિત્ત મળતા પાછુ મલિન થાય એવી દશા કોની હોય છે ?
૧૩. "સુખપાલ માં વિચરવું એ શું ત્યાગી સાધુ નું કર્તવ્ય છે ?" એવો ઉપાલંભ દેદી શ્રાવિકા એ કોને આપ્યુ ?
૧૪. પૉંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન કોને હોય છે ?
૧૫. ત્રણ લોક માં શાંતિકરનાર કયા ભગવાન ને નમસ્કાર હો ?

**પ્રશ્ન- ૩ નીચે આપેલા શબ્દોના અર્થ લખો.** ૧૦

૧) ઇક્કારસ ૨) ભવતુ ૩) શુંકર ૪) માલિન્ય ૫) વિંશતે ૬) નરપતય ૭) વિગલા ૮) સેસ ૯) શમક:
૧૦) શ્રેણ્યારુઢ: ૧૧) દુરિતાનિ ૧૨) મરાલ ૧૩) પ્રજ્ઞોડપિ ૧૪) વાસવ ૧૫) આમોદ ૧૬) સુએ
૧૭) સહનન ૧૮) દંસણિણો ૧૯) ષોડશ ૨૦) સુહૃત

**પ્રશ્ન-૪ જોડક જોડો ( ફક્ત બી ) નું નંબર લખો.** ૧૦

| એ | બી | એ | બી |
|---|---|---|---|
| ૧) સોમાઈ | ૧) પ્રવર્તક | ૬) ક્રિયા | ૬) દેવતા |
| ૨) ભ્રાંતિ | ૨) સોમચંદ્ર | ૭) ઇન્દ્રિય | ૭) કપર્દિ |
| ૩) સ્કંદ | ૩) અચક્ષુદર્શન | ૮) ઉદિરણા | ૮) અમૃષા |
| ૪) અસત્ય | ૪) નિરિક્ષણ | ૯) ઉપયોગ | ૯) અસદ્ગુરૂ |
| ૫) સમયજ્ઞ | ૫) પ્રકૃતિ | ૧૦) પ્રણેતા | ૧૦) ચરણ |

**પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના જ્વાબ સંખ્યામાં લખો.** ૧૦

૧) સિદ્ધહેમ વ્યાકરણ કેટલા શ્લોક પ્રમાણ છે ?
૨) ઉપશાંતમોહ ગુણસ્થાને કેટલી પ્રકૃતિ સત્તા માં હોય છે ?
૩) યોગ ના પેટા ભેદ કેટલા છે ?
૪) બૃહદ શાંતિ માં કેટલા ગ્રહો પાસે થી પ્રસન્નતા માંગી છે ?
૫) આર્યરક્ષિત સૂરિ પોતા ની પાછળ કેટલા સાધુ-સાધ્વી નો પરિવાર મુકતા ગયા ?
૬) કલિકાલ સર્વજ્ઞ નો જન્મ કઈ સંવત્ માં થયો ?
૭) દેવતઓ ને કેટલા સમુદ્ઘાત હોય ?
૮) કુમારપાળ રાજા એ કેટલા દેશ માં અમારિ પડહ ની ઘોષણા કરાવી ?
૯) ઉપશાંતમોહ ગુણસ્થાને કેટલી પ્રકૃતિ નો બંધ છે ?
૧૦) શ્રી હેમચંદ્રાચાર્ય કેટલા વર્ષ ની ઉમર માં આચાર્ય પદ થી વિભૂષિત થયા ?

**પ્રશ્ન-૬ નીચેના વાક્યો સાચા (✓) છે કે ખોટા (×) તે જણાંવો.** ૧૦

૧) શાસન દેવી એ બન્ને મહાનુભાવ ને મંત્રશક્તિ થી ઉપાડી ને ખેરાળુ માં એમના ગુરુદેવ પાસે મૂકી દીધા.
૨) ઘણાં વર્ષો પૂર્વે લખાયેલા આ સૂત્રો નું પાલન આ સમય માં ઘણું દુષ્કર છે.
૩) આચાર્ય ઉપાધ્યાય બે પ્રકાર ના શ્રી શ્રમણસંઘ ને શાંતિ થાઓ.
૪) મોહ જનિત પ્રમાદ કલુષિતતા ને પ્રાપ્ત કરાવે છે.
૫) જ્ઞાન નો અર્થ આત્મસ્વરુપ સન્મુખ જ્ઞાન-ચારિત્ર રુપ ઉપયોગ નું પ્રવર્તન જાણવો.
૬) મનુષ્યો ચાર દર્શન વાળા હોય છે.
૭) સર્વાર્થ સિદ્ધ વાળાઓ ને લવસત્તમિયા કહે છે.
૮) આ તીર્થ ના અધિપતિ છે ભગવાન નમિનાથ.
૯) જ્ઞાન થી જોયેલી અવસ્થાએ પહોંચવા માટે ક્રિયા ની આવશ્યકતા છે.
૧૦) સૂરિ ના સંકેત થી રાજા ને તેનો કુંવર મળયો.

**પ્રશ્ન-૭ નીચેના વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧) તેણે તે ધન થી ત્યાં શ્રી શાંતિનાથ પ્રભુ નું જિનાલય બંધાવી ને તેની પ્રતિષ્ઠા કરાવી.
૨) વાયુકાય અને વનસ્પતિકાય ને એક જ મિથ્યાદૃષ્ટિ હોય છે.
૩) ઝેર ને ઝેર જાણ્યા પછી પણ જો ત્યાગ ની ક્રિયા ન થાય તો તેવા જ્ઞાન નો કોઈ અર્થ નથી.
૪) રાજાઓ અક્ષય કોશ-કોઠાર વાળા થાઓ.
૫) આ બાળક આગળ જઈ ને જિનશાસન માં ભુલાયેલા ત્યાગ, વૈરાગ્ય ના ધર્મ નો ઉદ્યોત કરશે.
૬) મિથ્યાદૃષ્ટિ ને ત્રણજ જ્ઞાન સંભવે તેથી તે મિથ્યાદૃષ્ટિ ના અજ્ઞાન છે.
૭) બીજા માર્ગ માં કર્મ દબાવવા ને બદલે જીવ કર્મ ક્ષય કરતો જાય છે.
૮) સુંદર સાહિત્ય સર્જન કરી સર્વત્ર જ્ઞાન ભંડારો બનાવ્યા.
૯) આ ઉપશમશ્રેણી એક જીવ ને એક ભવ માં જો ઉત્કૃષ્ટ થી હોય તો બેવાર હોય છે.
૧૦) સૂરિ એ રાજા ને યજ્ઞ નું વિઘ્ન દૂર કરવાનું વચન આપ્યું.

**પ્રશ્ન-૮ તમારી ભાષામાં સમજાવો.** ૧૫

૧) દૃષ્ટિ ના પ્રકાર અને પરિભાષા સમજાવો.
૨) ઉપશાન્ત મોહનીય ચ્યવન સમજાવો.
૩) "જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષ:" સમજાવો
૪) ચંગદેવ નો દેવચંદ્રસૂરિ સાથે મિલાપ.
૫) મહત્તરા સાધ્વી સમયશ્રી.

**જ્વાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા
શાહ ગોવિન્દજી વીરમ ફેકટરી કમ્પાઉન્ડ, મોંઢા રોડ, ઔરંગાબાદ - ૪૩૧ ૦૦૧
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.achalgach.com